BAOU
Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY 1 UNIVERSITY GRADED AUTONOMY UGC

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે 'તેજતૃષા મહોત્સવ 2026'નો ભવ્ય શુભારંભ

## » કલા, સાહિત્ય અને રમતગમત ક્ષેત્રે યુવા પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો મહોત્સવનો ઉદ્દેશ



ગુજરાત મેઈલ • અમદાવાદ

અમદાવાદ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના આંગણે વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવાના ઉદ્દેશ્ય સાથે 'તેજતૃષા મહોત્સવ ૨૦૨૬'નો શાનદાર પ્રારંભ થયો હતો.

રાજ્યભરમાંથી આવેલા વિદ્યાર્થીઓના ઉત્સાહ વચ્ચે મુખ્ય અતિથિ પદ્મશ્રી જગદીશ ત્રિવેદી તથા કુલપતિશ્રી પ્રો. અમી ઉપાધ્યાય દ્વારા મહોત્સવનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા જાણીતા હાસ્ય કલાકાર અને પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદીએ પ્રેરક વક્તવ્ય આપ્યું. માત્ર પુસ્તકિયું જ્ઞાન કે પરીક્ષાનાં પરિણામો જ જીવનનું સત્ય નથી. વિદ્યાર્થીએ પોતાની ભીતર રહેલી ઈશ્વરદત્ત કળા અને મૌલિક શક્તિને ઓળખીને આત્મવિશ્વાસ સાથે વિશ્વફલક પર સફળતાનાં શિખરો સર કરવાં જોઈએ. તેમના ઉદબોધને ઉપસ્થિત યુવા વર્ગમાં નવો જોશ અને ચેતનાનો સંચાર કર્યો હતો.

ગુજરાત મેઈલ | તારીખ : 28/01/2026